

# ક્રિકેટ નિયમો પ્રમાણે રમાય પોતાના અંગત નૈતિક નિયમો પ્રમાણે નહીં એ બેન સ્ટોક્સે સમજવું જરૂરી છે

માન્ચેસ્ટરમાં રવિવારે ડ્રોમાં સમાપ્ત થયેલી ચોથી ટેસ્ટમાં ઈંગ્લેન્ડનો કેપ્ટન બેન સ્ટોક્સ અને તેના સાથી ખેલાડીઓ સજ્જનોની રમતમાં સજ્જનતા ભુલ્યા હતા. ટેસ્ટ જ્યારે નિશ્ચિત ડ્રો ભણી જતી હતી ત્યારે સ્ટોક્સે સદીની નજીક પહોંચેલા રવિન્દ્ર જાડેજા અને વોશિંગ્ટન સુદરની પાસે આવીને મેચ ડ્રો કરી લઈએ એવી દરખાસ્ત મૂકી હતી, ત્યારે જાડેજાએ કહ્યું હતું કે હવે અમારી સદી પુરી કરીએ પછી ડ્રો કરવાનું યોગ્ય રહેશે. તેની આ વાત સાંભળીને સ્ટોક્સ રોષે ભરાયો હતો અને તેણે કહ્યું હતું કે સદી પુરી કરવા માટે તમને કેટલો સમય જોઈશે, એક કલાક કે તેનાથી વધુ અને હેરી બ્રુક જેવા પાર્ટ ટાઈમ બોલર સામે રમીને તમારે સદી પુરી કરવાની છે. ઈંગ્લેન્ડના અન્ય  ખેલાડી બેન ડકેટે એવી પણ ટીપ્પણી કરી હતી કે સદી પુરી કરવી હતી તો અમારા મુખ્ય બોલરો બોલિંગ કરતાં હતાં ત્યારે પહેલાથી જ ઝડપથી રમીને પુરી કરી લેવી જોઈતી હતી ને! જાડેજાએ વળતા જવાબમાં કહ્યું હતું કે તમારે મુખ્ય બોલરો પાસે જ બોલિંગ ચાલુ રખાવવાની હતી ને! વાત અહીં એ છે કે ટેસ્ટ ક્રિકેટમાં સદી ફટકારવી એ દરેખ ખેલાડીનું સ્વપ્ન હોય છે અને તેની નજીક એક નહીં પણ બે ખેલાડી પહોંચી ગયા હોય ત્યારે તેમની સામે અમારા બોલરો થાકી ગયા છે તો આપણે ડ્રો કરી લઈએ એવી દરખાસ્ત મૂકીને પછી તે વાત માનવા માટે દબાણ કરવાનું સ્ટોક્સ જેવા ખેલાડીને શોભે તેવું તો નથી જ.

**માન્ચેસ્ટર ટેસ્ટના છેલ્લા કલાકમાં ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સ અને તેના સાથી ખેલાડીઓનું વર્તન થોડું વિચિત્ર રહ્યું અને તેના કારણે ક્રિકેટના દિગ્ગજ એમ્બેસેડરમાના એક એવા સ્ટોક્સની પોતાની ગરિમાનો જ ઝાંખપ લાગી છે. જ્યારે બે ખેલાડી સદી નજીક હોય ત્યારે તેમને ડ્રો માટે દબાણ કરવાની ઈંગ્લીશ ટીમની પેરવીની ક્રિકેટ વિશ્વએ ટીકા કરી છે અને આ બાબતે બેન સ્ટોક્સે જાતે એ સમજવું જરૂરી છે કે પોતે થાક્યા હોવાથી સામેની ટીમ પર રમત બંધ કરવાનું દબાણ કરવું કોઈ રીતે યોગ્ય નથી**



બેન સ્ટોક્સ એક શ્રેષ્ઠ સ્પર્ધક છે. ક્રિકેટની રમત તેના માટે ખૂબ જ સમૃદ્ધ છે. તે મેદાન પર બધું છોડી દે છે, ભલે તેનો અર્થ એ થાય કે તે ટેસ્ટ વચ્ચે તેના પરિવાર માટે ગેરહાજર રહે. ટેસ્ટ ક્રિકેટમાં આ તેનો 12મો પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ હતો. ફક્ત 12 ખેલાડીઓ પાસે આ એવોર્ડ છે. થોડા દિવસો પહેલા, તે અને તેની ટીમ જીતના મદમાં ખુશહાલ થઈ એકબીજાને ભેટ્યા હતા, લોર્ડ્સમાં મહંમદ સિરાજને આઉટ કરીને તેના રૂપમાં છેલ્લી વિકેટ લીધા પછી તેને સ્તબ્ધ હાલતમાં છોડી તેઓ ઉજવણી કરતાં હતા અને માન્ચેસ્ટર ટેસ્ટમાં બે ખેલાડી સદી પુરી કરવાની ઈચ્છા ધરાવતા હોય ત્યારે તેઓ સતત એવું કહેતા ફરે કે ભારતે મેન્ડેટરી ઓવરોની શરૂઆતમાં ડ્રો માટે તેમની ઓફર સ્વીકારી નહોતી. જ્યારે સ્ટોક્સ આણી મંડળી દ્વારા આ ઓફર કરવામાં આવી ત્યારે વોશિંગ્ટન સુંદર 80 અને રવિન્દ્ર જાડેજા 89 રને ક્રિઝ પર હતા. સુંદર અગાઉ ટેસ્ટમાં 85 અને 96 રન પર સામેના ભાગીદારો ગુમાવી ચૂક્યો હતો અને આ તેની પ્રથમ ટેસ્ટ સદી બનવાની હતી. ત્યારે ડ્રો માટેની ઓફર કઈ રીતે સ્વીકારી લેવાય.

**ટુ ધ પોઈન્ટ**

રમત રમવાની કોઈ ચોક્કસ નૈતિક રીતે શ્રેષ્ઠ રીત નથી. રમતના નિયમો સ્પષ્ટપણે કહે છે કે જ્યાં સુધી ઓવરો ફેંકાઈ ન જાય અથવા બંને કેપ્ટનો સમય પહેલા રમત સમાપ્ત કરવા માટે સંમત ન થાય ત્યાં સુધી તમે રમત સમાપ્ત કરવાનું વિચારી શકતા નથી. જેમ ટેસ્ટમાં કોઈ પરિણામ શક્ય ન હોવાથી ઈંગ્લેન્ડને ડ્રો ઓફર કરવાનો અધિકાર મળે છે, તેવી જ રીતે ભારતના કેપ્ટન શુભમન ગિલને પોતાના બે ડિફેન્ડર્સને બેટિંગ ચાલુ રાખીને સદી પુરી કરવા દેવાનો અધિકાર પણ આપે છે.

જ્યારે જો રૂટ સદી ફટકારે છે ત્યારે ડ્રેસિંગ રૂમ ઉભા થઈને તાળીઓ પાડનારાઓ ભારતના લોઅર ઓર્ડરના બે બેટ્સમેનો સદી પુરી કરવા ન દેવા માટે તત્પર બનીને સતત દબાણ કરે ત્યારે કહેવાનું મન થાય છે કે ભાઈ ક્રિકેટ તેના નિયમો પ્રમાણે રમાય છે તમારા નૈતિક નિયમો પ્રમાણે નહીં.  તેઓ સીધા ચહેરા પર એમ કહી શકતા નથી કે વ્યક્તિગત સિદ્ધિઓ મહત્વની નથી. જો તે ટીમના હિતોના ભોગે આવે છે, તો તે ટીમની સમસ્યા છે. આ કિસ્સામાં, આવી કોઈ શક્યતા નહોતી. જો ભારતે સિદ્ધિનો પીછો કરવામાં વિકેટ ગુમાવી હોત અને ઈંગ્લેન્ડને માટે ઓછી ઓવરોમાં ટૂંકો લક્ષ્યાંકનો  સાહસિક પીછો માટે બારી ખુલ્લી રાખી હોત તો ત્યારે તેઓ થાક ભુલીને મેદાનમાં ઉતર્યા હોત પણ વાત અહીં એવી નહોતી તેથી તેઓ પોતાના થાકનું બહાનું આગળ ધરવા માંડ્યા.  આ બાબતે ભારતના માજી સ્પિનર રવિચંદ્રન અશ્વિને તેની યુટ્યુબ ચેનલ પર કહ્યું હતું કે શું તમે બેવડા માપદંડ શબ્દ સાંભળ્યો છે? તેમણે આખો દિવસ તમારા બોલરો સામે રમીને તેમનો સામનો કર્યો અને અચાનક જ્યારે તેઓ સદી ફટકારવાની નજીક હોય છે ત્યારે તમે બહાર જતા રહેવા માંગો છો? તેઓએ આવું શા માટે કરવું જોઈએ?. અશ્વિને કહ્યું હતું કે જો હું ભારતીય કેપ્ટન હોત, તો મેં આખી 15 ઓવર રમી હોત. ગાવસ્કરે સોની સ્પોર્ટ્સ પર એજ વાતનું પુનરાવર્તન કર્યું હતું કે મેં તેમને કહ્યું હોત કે બેટિંગ ચાલુ રાખીને 15 ઓવર સુધી રમો. ઓસ્ટ્રેલિયાના માજી વિકેટકીપર-બેટ્સમેન બ્રેડ હેડિને ઈંગ્લેન્ડની નબળી રમતની ટીકા કરી હતી. તેણે વિલોટોક પોડકાસ્ટ પર કહ્યું હતું કે ભારતે છેલ્લા દિવસે જબરદસ્ત લડાઈ બતાવી. પછી અચાનક એવી પરિસ્થિતિ ઊભી થઈ કે ઈંગ્લેન્ડે કહ્યું કે તેઓ જીતી શકતા નથી, તેથી રમત બંધ કરી દો કારણ કે ઈંગ્લેન્ડ હવે રમવા માંગતું નથી.

ભારતે જે કર્યું તે મને ગમ્યું, તેમને જ્યાં સુધી તેઓ ઈચ્છે ત્યાં સુધી મેદાન પર રહેવાનો અધિકાર છે. ઈંગ્લેન્ડના માજી કેપ્ટન એલિસ્ટર કૂકે પણ ભારતના નિર્ણયને ટેકો આપીને કહ્યું હતું કે જાડેજા અને વોશિંગ્ટન માટે ગતિ જાળવી રાખવાનો યોગ્ય નિર્ણય હતો જેનો તેમને ઓવલમાં ફાયદો થશે. અન્ય એક માજી ઈંગ્લીશ કેપ્ટન, નાસીર હુસૈને પણ, ડ્રોની ઓફર સ્વીકારવાનો ઈનકાર કર્યા પછી, સ્ટોક્સે બ્રુક પાસે બોલિંગ કરાવવાના નિર્ણયને મૂર્ખતાપૂર્ણ ગણાવ્યો હતો.



**દિવ્યા દેશમુખ ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિમાં શાંત રહે છે અને તેના કારણે એવું કહી શકાય કે પ્રેશર મેચોમાં ધોની જેવી મજબૂત માનસિકતા સાથે રમવાની તે ક્ષમતા ધરાવે છે**

# દિવ્યા દેશમુખ : ચેસ વિશ્વમાં ભારતીય યુવાઓના વધતા વર્ચસ્વમાં જોડાયેલું નવું નામ

જ્યોર્જિયાના બાટુમીમાં તેના કરતા બમણી ઉંમરની પ્રતિસ્પર્ધી કોનેરુ હમ્પીને હરાવીને FIDE મહિલા વર્લ્ડ કપનો ખિતાબ જીતીને ચેસ વિશ્વમાં ભારતીય યુવાઓની વધતી જતી સિદ્ધિઓમાં સામેલ થયેલું એક નવું નામ છે.  દિવ્યાએ માત્ર 5 વર્ષની ઉંમરે ચેસ રમવાનું શરૂ કર્યું હતું, પરંતુ તેના માતા-પિતા ઈચ્છતા હતા કે તે બેડમિન્ટન ખેલાડી બને. જોકે, દિવ્યાનું મન ચેસ પર હતું અને હવે તેણે પોતાના દેશ અને પરિવારને ગૌરવ અપાવ્યું છે.  19 વર્ષીય દિવ્યાએ આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટ જીતી જ નહીં પરંતુ ગ્રાન્ડમાસ્ટર પણ બની. તે ગ્રાન્ડમાસ્ટર બનનારી માત્ર ચોથી ભારતીય મહિલા બની છે અને તે ઓવરઓલ ભારતની 88મી ગ્રાન્ડમાસ્ટર બની છે. વર્લ્ડકપ વિજેતા દિવ્યા દેશમુખને તેના પ્રારંભિક સમયના કોચ શ્રીનાથ નારાયણન દ્વારા અત્યંત પ્રતિભાશાળી ગણાવવામાં આવી છે, તેમણે કહ્યું છે કે તે મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ અતિ શાંત રહે છે. તેમણે કહ્યું કે 19 વર્ષીય દિવ્યાના સંયમની તુલના મહાન ક્રિકેટર મહેન્દ્ર સિંહ ધોની સાથે કરી શકાય છે. તમને જણાવી દઈએ કે દિવ્યા દેશમુખ મહારાષ્ટ્રના નાગપુરની રહેવાસી છે. તેના માતા-પિતા ડોક્ટર છે. જ્યારે દિવ્યાએ વર્લ્ડ કપ ફાઈનલમાં હમ્પીને હરાવી ત્યારે તે ખૂબ જ ભાવુક થઈ ગઈ હતી.

રમતમાં ભારતના વધતા પ્રભાવનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે ફાઈનલમાં બંને ખેલાડીઓ ભારતીય હતી અને મેચનો નિર્ણય ટાઈ-બ્રેકર દ્વારા લેવામાં આવ્યો હતો. 38 વર્ષીય હમ્પી સૌથી કુશળ અને કુશળ ચેસ ખેલાડીઓમાંની એક છે. તે બે દાયકાથી વધુ સમયથી ભારતીય મહિલા ચેસની ધ્વજવાહક રહી છે. તેણે બે વર્લ્ડ રેપિડ ચેમ્પિયનશિપ, બે એશિયન ગેમ્સ ગોલ્ડ મેડલ સહિત અસંખ્ય ટાઈટલ જીત્યા છે અને ચેસ ઓલિમ્પિયાડ ગોલ્ડ મેડલ વિજેતા ટીમનો પણ ભાગ હતી. દિવ્યાનો તેની સામે વિજય ભારતીય ચેસ માટે એક મહાન ક્ષણ હતો.



**સ્પેશિયલ રિપોર્ટ**

તેના કોચ કહે છે કે દિવ્યા ખૂબ જ આક્રમક ખેલાડી છે. સમય પસાર થવા સાથે, તે વધુ ઓલરાઉન્ડર અને બહુમુખી બની ગઈ છે. મને લાગે છે કે તે બધા ફોર્મેટ (ક્લાસિકલ, રેપિડ અને બ્લિટ્ઝ) માં સમાન રીતે સારી છે. તેમણે કહ્યું હતું કે મને લાગે છે કે તેની દિવ્યાની ક્ષમતાનો અહેસાસ કર્યો હતો અને કેન્ડિડેટ ટુર્નામેન્ટ માટે ક્વોલિફાય થયા પછી, તેનામાં વિશ્વ ચેમ્પિયન બનવાની ક્ષમતા પણ છે. દિવ્યાનો અત્યાર સુધીનો કારકિર્દી ગ્રાફ દર્શાવે છે કે તે હિંમતભેર પડકારોનો સામનો કરવાનું પસંદ કરે છે. ઓલિમ્પિયાડમાં ત્રણ વખત ગોલ્ડ મેડલ જીતવા ઉપરાંત, દિવ્યાએ એશિયન ચેમ્પિયનશિપ, વર્લ્ડ જુનિયર ચેમ્પિયનશિપ અને વર્લ્ડ યુથ ચેમ્પિયનશિપમાં પણ અનેક ગોલ્ડ મેડલ જીત્યા છે. મહિલા વર્લ્ડ કપમાં રમતના મોટા ખેલાડીઓને હરાવવા માટે, તેને નસીબની સાથે મજબૂત માનસિકતાની પણ જરૂર હતી. શ્રીનાથે કહ્યું કે 2016 માં એરપોર્ટ પર તેમની પહેલી મુલાકાત દરમિયાન જ્યારે ટીમ તુર્કીમાં વર્લ્ડ અંડર-16 ઓલિમ્પિયાડ રમવા જઈ રહી હતી, ત્યારે તેને દિવ્યા અતિશય પ્રતિભાશાળી લાગી હતી. તેમણે કહ્યું હતું કે આ એસોસિએશન 2018ની આસપાસ શરૂ થયું હતું. અમે વર્લ્ડ અંડર-16 ઓલિમ્પિયાડમાં મળ્યા હતા. ટીમ તુર્કી જઈ રહી હતી. હું ટીમનો કોચ હતો અને હું તેને પહેલી વાર એરપોર્ટ પર મળ્યો હતો. શ્રીનાથે કહ્યું, હતું કે તે અતિ પ્રતિભાશાળી રહી છે. તેણીમાં આ મોટી મેચો અને ટુર્નામેન્ટ જીતવાની એક ખાસ પ્રકારની ક્ષમતા છે. મેં તેને કોચિંગ આપેલી પહેલી ટુર્નામેન્ટમાં, તેણે છેલ્લા રાઉન્ડમાં ઈરાન સામે ખૂબ જ મહત્વપૂર્ણ બાજી જીતી હતી.

રમત મુશ્કેલ પરિસ્થિતિઓમાં વધુ પરિપક્વ બને છે. તે મહેન્દ્ર સિંહ ધોની જેવી છે જે છેલ્લી ઓવરોમાં મેચનું ટેબલ ફેરવી નાખે છે. મેં ઘણી વખત જોયું છે કે દિવ્યા મહત્વપૂર્ણ મેચોમાં દબાણ હેઠળ અવિશ્વસનીય રીતે સારું પ્રદર્શન કરી રહી છે.

આ સમય દરમિયાન, દિવ્યા દેશની ચોથી અને એકંદરે 88મી ગ્રાન્ડમાસ્ટર બની. જોકે, ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં, તેના માટે ગ્રાન્ડમાસ્ટર ધોરણ પ્રાપ્ત કરવું મુશ્કેલ લાગતું હતું. શ્રીનાથે 2020 સુધી નાગપુરની આ ખેલાડીને કોચિંગ આપ્યું છે. તેણે 2018માં જ

# ભારતના પાંચ બહાદુર ક્રિકેટરો, જેમણે અસ્વસ્થ હોવા છતાં પીડા વેઠીને હરીફોનો સામનો કર્યો

**માન્ચેસ્ટર ટેસ્ટમાં ઘાયલ થવા છતાં બેટિંગ માટે ઉતરેલા ઋષભ પંતે અનિલ કુંબલે, સચિન તેંદુલકર, રોહિત શર્મા, યુવરાજ સિંહ જેવાની યાદ તાજી કરાવી દીધી હતી. સચિન તો પોતાની કેરિયર દરમિયાન ઘણીવાર ઘાયલ થવા છતાં મેચ રમ્યો હતો અને તેમાં પણ 2003નો આખો વર્લ્ડકપ તે પગના અંગુઠાની ઈજા સાથે રમ્યો હતો.**

માન્ચેસ્ટર ટેસ્ટના બીજા દિવસે, જ્યારે આખી દુનિયા અને બંને ટીમો વિચારી રહી હતી કે ઋષભ પંત ઘાયલ છે અને મેદાન પર ઉતરી શકે તેમ નથી તો ભારતીય ટીમ આ ટેસ્ટ હારતા કેવી રીતે બચશે, જો કે લોકો આવું વિચારતા હતા ત્યારે શાર્દુલ ઠાકુરની વિકેટ પડી અને ભારતના ડ્રેસિંગ રૂમમાંથી ધીમા પગલે દાદર ઉતરતો પંત બેટિંગ માટે આવતો દેખાયો ત્યારે વિજ્ઞાન, મનોવિજ્ઞાન અને દરેકને તેની હિંમતે વિચારતા કરી દીધા હતા. પંતે મેદાન પર ઉતરીને બધાને આશ્ચર્યચકિત કરી દીધા. ત્યારબાદ તેણે એક બોલ્ડ ઈનિંગ રમી અને બધાને તેના દિવાના બનાવી દીધા. જો કે અહીં એ નોંધ કરી લઈએ કે ભારતીય ક્રિકેટમાં ઋષભ પંત એકમાત્ર એવો બેટ્સમેન નથી જે ઈજા છતાં મેદાન પર ઉતર્યો છે. તેની પહેલા પણ કેટલાક ભારતીય ક્રિકેટરો આ રીતે ઘાયલ હોવા છતાં કે અસ્વસ્થ હોવા છતાં પોતાની પીડાને કોરાણે મૂકીને ભારત માટે મેદાન પર ઉતર્યા છે. દુનિયા હજુ પણ તેમના ઉદાહરણો આપે છે. અહીં એક નામ ખાસ નોંધવાનું કે સચિન તેંદુલકર દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને કેન્યાની સંયુક્ત યજમાનીમાં રમાયેલા 2003ના વર્લ્ડકપમાં સચિન તેંદુલકર આખો વર્લ્ડકપ પગના અંગુઠાની ઈજા સાથે રમ્યો હતો અને તે આ વર્લ્ડકપમાં પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ જાહેર થયો હતો. આ સિવાય કેટલાક એવા દાખલાઓ છે જેનો ઉલ્લેખ અહી કરવામાં આવ્યો છે.

## અનિલ કુંબલે



૨૦૦૨માં એન્ટિગુઆ ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝ સામે માથા પર પાટો બાંધીને અનિલ કુંબલે બોલિંગ કરવા માટે આવ્યો તે ફોટો તે સમયે ઘણી ચર્ચા જગાવી ગયો હતો અને આજે પણ તે એક ઉદાહરણ છે. કુંબલેએ તે મેચમાં પાટો બાંધીને બોલિંગ કરવાની સાથે બ્રાયન લારાને LBW આઉટ કર્યો હતો અને મેચ ડ્રો કરાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

## રોહિત શર્મા



રોહિત શર્માએ ઘણી વખત ઈજાઓ છતાં મેચ રમી છે અને પોતાની ટીમને જીત અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. જોકે, 2022ની વન ડે સીરિઝમાં ભારતને બાંગ્લાદેશ સામે હારનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ કેપ્ટન રોહિત શર્માએ અંગૂઠો તૂટવા છતાં નવમા નંબર પર બેટિંગ કરી હતી. ભારતીય ટીમ આ મેચમાં હારી ગઈ હતી, પરંતુ રોહિતે બધાનું દિલ જીતી લીધું હતું.

## સચિન તેંડુલકર



સચિન તેંડુલકરે પોતાની કારકિર્દીમાં ઘણી વખત ઈજાઓ છતાં મેચ રમી હતી અને પોતાની ટીમને જીત અપાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. પાકિસ્તાન સામેની કેરિયરની પહેલી જ ઇનિંગમાં, વકાર યુનુસના બોલથી સચિનના નાક પર બોલ વાગ્યો હતો. તેના નાકમાંથી ખૂબ લોહી નીકળવા લાગ્યું હતું. પરંતુ સચિને કહ્યું, ‘હું રમીશ..!’ અને પછી સચિન આગામી 24 વર્ષ સુધી ખૂબ જ સારું રમ્યો!

## યુવરાજ સિંહ



કેન્સર જેવી ગંભીર બીમારી પછી યુવરાજ સિંહ ક્રિકેટમાં પાછો ફર્યો અને 2011નો વર્લ્ડકપ જીતવામાં મુખ્ય ભૂમિકા ભજવી. ટીમ વર્લ્ડ ચેમ્પિયન બની અને યુવરાજ ‘મેન ઓફ ધ સિરીઝ’ બન્યો. યુવીની વાર્તા ખૂબ જ પ્રેરણાદાયી છે. આ આખા વર્લ્ડકપ દરમિયાન યુવરાજને ઘણીવાર લોહીની ઉલટીઓ થતીં હોવાનું સાથી ખેલાડીઓએ કહ્યું હતું.

## ઋષભ પંત



**ક્રિક ટોક**

માન્ચેસ્ટર ટેસ્ટના પહેલા જ દિવસે, ક્રિસ વોક્સનો બોલ તેના જમણા પગના અંગૂઠામાં વાગ્યો અને એવું લાગતું હતું કે ભારતીય ટીમને અકસ્માત થયો છે. સ્કેન પછી, ડોક્ટરોએ તેને છ અઠવાડિયા માટે મેદાનની બહાર રહેવાનું સૂચન કર્યું, પરંતુ ભારતીય સમય મુજબ, 24 જુલાઈ, સાંજે 5:01 વાગ્યે માન્ચેસ્ટરના મેદાન પર દુનિયાએ એક મહાન જાદુ જોયો.